નમસ્કાર ગાંધીનગર

પમરાટ

જે રીતે ઘેરાય છે,બંધાય છે વાદળ ઉપર,
ઓ કવિતા ! આવજે એમ જ સહજ કાગળ ઉપર.

સૌ કહે છે કે ટકી છે,સૃષ્ટિ જેના બળ ઉપર,
એ પ્રભુ પણ ખુદ ટકેલો છે અહીં અટકળ ઉપર !

- રઇશ મનીઆર

પાથેય

- રમેશ ઠક્કર

ભણતરની ભવ્યતા

આજીવિકા માટે ભણવું અને જીવનને ઉન્નત બનાવવા ભણવું એ બંને વચ્ચેની ભેદરેખા સમજવા જેવી છે.કેળવણી એ વ્યાપક અભિગમ છે..જીવનનો હેતુ ફક્ત ખાધું પીધું અને રાજ કર્યું એટલો જ નથી હોતો..જો એવા લોકો થકી જ જગત ચાલતું હોત તો એ આટલું બધું સમૃધ્ધ કે જીવવા જેવું ના હોત..શિક્ષણની સરવાણી માણસને સમગ્રતયા અસર કરે તો જ એ સાર્થક ગણાય..

જીવનનો હેતુ અને અભિગમ બહુ જ મહત્વનાં હોય છે. મોટાભાગના લોકો ગતાનુગતિક રીતે જીવન પસાર કરતા જોવા મળે છે. કેળવણીનો ચોક્કસ હેતુ હોય તો જ એ આપણી જિંદગીમાં બદલાવ લાવી શકે અન્યથા એ કેવળ ઉપરચોટિયો ઉપક્રમ બની જાય છે.

દરેક ધર્મ જેમ સત્યની શોધ માટે છે એમ દરેક વિષયની પોતાની એક ખોજ હોય છે..એમાં પારંગત થવાથી એકસરખી દિશા મળતી હોય છે..પોતાના કામ કે વિષયને નાનું ના ગણવું એ બહુ મહત્વની બાબત છે..મળેલ કામને મનગમતું કરી લેવું એ તો વળી ખૂબ જ ઉત્કૃષ્ટ પ્રકારની આવડત છે..કામ જ્યારે બોજારૂપ લાગવા માંડે ત્યારે એ આપોઆપ વૈતરું બની જતું હોય છે !

જે નિત્ય યુવાન છે એ દરરોજ નવું શીખતો રહે છે.જેની વિચારવાની શકિત અટકી પડે એ સહજપણે આઉટડેટેડ બની વૃધ્ધત્વને આમંત્રણ આપે છે.એટલે માણસ ઉમરની રીતે જ યુવાન હોય એ જ પુરતું નથી પણ એ મનથીયે યુવાન હોય એ જરૂરી છે..જે કામને મનગમતું કરવુ એ સાથે જે કામ કરો એમાં સાતત્ય રાખવું આવશ્યક હોય છે..જે માણસ નિત્ય યૌવનની અનુભૂતિ કરે છે એ જ આ કરી શકે.

આપણા માટે સૌથી અઘરી બાબત હોય છે આપણા કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવવું. શિક્ષણ આ માટે આપણને દ્રષ્ટિ આપે છે.કોઇપણ પડકાર સામે આઉટઓફ બોક્સ વિચારવું એ પણ એક આવડત હોય શકે.નિરાશાને ઉગતી ડામવી એ સાચા યુવાન માટે અત્યંત જરૂરી સદગુણ છે.નિત્ય આશાવાદી રહેવું..સારપમાં શ્રધ્ધા રાખવી,અભ્યાસમાં અને ભણવામાં પ્રમાદ ના રાખવો એ એની શિસ્ત હોય છે.

સાચી કેળવણી શું શીખવે છે ? સારી બાબતોને હંમેશાં સંગ્રહી રાખો. ખરાબ અનુભવોમાંથી પદાર્થપાઠ શીખી એને મનમાંથી કાઢી નાખો..નાની નાની બાબતોમાં સમય ના વેડફવો..જે ગાડી નાનાં સ્ટેશનોએ ઉભી રહે એ લક્ષ્ય ઉપર મોડી પહોંચે છે..!વિચારોની સ્પષ્ટતા અને એ માટે જરૂરી શબ્દવૈભવ હોવો જોઇએ. બોલવામાં કૃત્રિમતા ટાળવી..જે વિષયમાં જાણકારી ના હોય ત્યાં નિખાલસ કબુલાત કરી લેવી એ સાચું ભણતર છે.

પોતાની સિધ્ધિઓ કે આવડત માટે પોતે ના બોલવું...કામને બોલવા દો..લોકો જ આપોઆપ વખાણશે.આપણી આસપાસ જે ગરીબ દિવાયાંગ અસહાય વૃધ્ધો કે ઓછી શકિતઓ ધરાવતા માણસો માટે હોય એમના માટે સદભાવ રાખો..આ બાબત તમને વધારે પ્રભાવક બનાવશે.ભુલો થવી સહજ છે પણ એકની એક ભુલ વારંવાર ના થાય એનું ધ્યાન રાખો..

આજુબાજુ અંધાર છવાયેલો હોય એવા માહોલમાં શિક્ષણ કે ભણતર માણસને એક દિવ્ય પ્રકાશનો અનુભવ કરાવી જાય છે..કેળવણીનો કસબ કેવળ બાહય વૈભવ મેળવવા પૂરતો નથી હોતો..એ માણસના આંતરિક વૈભવને પણ ઉજાગર કરવા માટેની શકિત ધરાવતું એક અમોઘ શસ્ત્ર છે.

ભાગલાવાદી રીતરસમ જોખમી છે

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સુભાષચંદ્ર બોઝ પ્રિય હોય તે સમજી શકાય તેમ છે. કોંગ્રેસમાંથી જુદા પડીને એમણે આગવી કેડી કંડારી હતી અને તેઓ પણ સરદાર પટેલની જેમ કોંગ્રેસના તત્કાલીન 'હાઈકમાન્ડ' ઉર્ફે ગાંધી-જવાહર દ્વારા ક્યાંક ને ક્યાંક ઉપેક્ષિત રહ્યા હતા એટલે ભારતીય જનતા પાર્ટી માટે એમને 'હાઈજેક' કરવાનું કાર્ય સહેલું હતું. જોકે ત્યાં પશ્ચિમ બંગાળમાં સુભાષબાબુ સ્થાનિક રાષ્ટ્રીય મહાનાયક છે અને રવીન્દ્રનાથ ટાગોર જેટલા જ લોકપ્રિય છે. કોલકાતાના ડમડમ હવાઈ અડ્ડાનું નામ નેતાજી સુભાષચંદ્ર બોઝ ઈન્ટરનેશનલ એરપોર્ટ હતું તે કેન્દ્ર સરકારે શ્યામાપ્રસાદ મુખર્જીના નામે ચડાવી દીધું હોવાનો આક્ષેપ મુખ્યમંત્રી મમતા બેનર્જી કરતાં રહે છે. વળી આગમાં ઘી હોમતા હોય એમ આગામી પ્રજાસત્તાક પર્વની પરેડમાં પશ્ચિમ બંગાળનો ટેબ્લો મંજૂર કરાયેલ નથી. મમતા બેનર્જી એ મુદ્દે પણ નારાજ છે. ટેબ્લોમાં સુભાષબાબુના જીવનની ઘટનાઓ જ મુકવાની હતી - એવો ઘટસ્ફોટ કરી મમતાએ નેતાજી સુભાષચંદ્ર બોઝની એકસો પચીસમી જયંતી વખતે વડાપ્રધાન દ્વારા ઈંડિયા ગેટ ખાતે આવેલ છતરીમાં સુભાબાબુના હોલોગ્રામનું ઉદ્ઘાટન કરાયુ તથા મૂર્તિ તૈયાર થઈને આવે ત્યારે હોલોગ્રામની જગાએ ગ્રેનાઈટ પથ્થરની નેતાજીની મૂર્તિ સ્થાપિત કરવાનું જણાવ્યું તે માત્ર રાજકીય લાભ ખાટવા માટેની ચેષ્ટા છે એવો અર્થ કાઢ્યો. નેતાજીના રહસ્યમય મૃત્યુ વિશે નક્કર માહિતી સરકાર પાસે નથી. પ્રચલિત માન્યતા મુજબ તાઈપેઈમાં થયેલ વિમાન દુર્ઘટનામાં નેતાજીનું મૃત્યુ થયું હોવાનું કહેવાય છે. પરંતુ જાપાનના મંદિરમાં એમનો અસ્થિકુંભ સચાવાયો છે એના ડીએનએ પરીક્ષણ અંગે ભારત સરકારે કોઈ જ કાર્યવાહી નથી કરી. નેતાજીના નામે રાજકીય લાભ જરૂર લેવાતો રહ્યો છે. ભાગ્યે જ કોઈને ખબર હશે કે જે નેતાજી કોંગ્રેસ પ્રમુખ તરીકે પટ્ટાભિરામૈયાને હરાવીને ગાંધીજીની ઈચ્છા વિરૂદ્ધ જીત મેળવી લીધા પછી પદ છોડીને ચાલી નીકળ્યા હતા. એમણે જ મહાત્મા ગાંધી માટે સૌ પ્રથમ 'રાષ્ટ્રપિતા' જેવા આદરસૂચક શબ્દનો પ્રયોગ કર્યો હતો. મહાન હસ્તીઓ વચ્ચે મતભેદ હોઈ શકે પણ મનભેદ નથી હોતો. પંડિત જવાહરલાલ નહેરુ અને સરદાર પટેલ વચ્ચે મતભેદો ઘણા હતા પણ નહેરુ મૂંઝાતા ત્યારે સૌથી પહેલાં પોતાની મૂંઝવણ સરદાર પટેલ સમક્ષ જ રજૂ કરતા. ભારતીય રાજકારણ એવા મહાન પૂર્વ સૂરિઓનો સગવડ મુજબ ઉપયોગ કરતું થઈ ગયું છે તે ખરેખર એ મહાન હસ્તીઓની તૌહીન જ ગણાશે. ભારતને એક સૂત્રમાં બાંધનાર સરદાર પટેલ ક્યારેય ન ઈચ્છત કે દેશની લઘુમતી એમને બીજા દરજ્જાના નાગરિકો તરીકે સત્તાધારી પાર્ટી અને શાસકોથી ડરી ડરીને જીવવું પડે. મુસલમાનો અને ખ્રિસ્તીઓએ આવા નકારાત્મક વલણની સામે ઉગ્ર પ્રતિસાદ પાઠવવાને બદલે બહુમતી હિંદુ સમાજના નામે રાજ કરતા શાસકોને ધીમે ધીમે અનુકૂળ થવાનું વલણ અપનાવ્યું છે. અલબત્ત, ચૂંટણી ટાણે એ સમુદાયની ભારતીય જનતા પાર્ટી ધરાર ઉપેક્ષા કરે છે એનું પ્રમાણ બીજે ક્યાંય ગોતવા જવાની જરૂર નથી. છેલ્લાં વર્ષો દરમિયાન ગુજરાતમાં એક પણ સાંસદ કે ધારાસભ્ય લઘુમતી કોમનો જોવા મળ્યો ખરો ? કોંગ્રેસ અહમદ પટેલ જેવા નેતાને એમના અવસાન પર્યંત માનપૂર્વક રાજ્યસભામાં મોકલતી રહી. ભાજપ પાસે કેન્દ્ર સરકારમાં પણ આ મુદ્દે 'સબ સે બડી ચૂપ' જેવી પરિસ્થિતિ પ્રવર્તે છે. જો હિંદુ સમાજના વિવિધ વર્ગો પણ વસતિના ધોરણ મુજબ પ્રતિનિધિત્વની અપેક્ષા રાખતા હોય તો મુસલમાનો પણ રાખે જ. પરંતુ જે ઝેરીલું વૈમનસ્ય બે કોમ વચ્ચે ભાગલા વખતે હતું એથી વધુ અત્યારે ઊભું થઈ રહ્યું છે અને એથી ઓવેસી જેવા નવા મહમદ અલી ઝીણા પેદા થઈ રહ્યા છે. સમય બળવાન છે. હિંદુ બહુમતી હંમેશને માટે એકજૂટ રહેશે એવી અપેક્ષા રાખવી મોંઘી પડી શકે છે. કોંગ્રેસે લઘુમતીને વધુ પડતી પંપાળીને પોતાની જ ઘોર ખોદી છે એ હકીકત છે. વળી એથી લઘુમતીને ફાયદાને બદલે નુકસાન જ થયું છે. પ્રજાસત્તાક પર્વ ટાણે દેશની પ્રજાને ધર્મ, પ્રદેશ કે જાતિ અને લિંગના મુદ્દે અલગ તારવવી એ તો બંધારણનું અપમાન જ કર્યું લેખાશે. ફક્ત જીતનાં સમીકરણ માંડીને પ્રજા-પ્રજા વચ્ચે ધર્મ કે જાતિના નામે ભેદભાવ ઊભો કરનારા ખડ્ડુસ રાજકારણીઓને સમય માફ નહીં કરે.

ફાઈનલ બસ, હવે "માર્ચ-Closing" કરીને વિદાય લઉં છું.- લી.આપનો કોવીડ-૧૯

સમયસર
કિરીટ ત્રિવેદી

અરે ઓ ભાઈ, સહેજ માર્ગ તો કર ભલા,આમાં મારે આગળ ક્યાંથી જવું?'' શું? ધક્કા-મુકી ન કરું? અરે હું ક્યાં કંઈ કરું છું. મારે તો બસ થોડુંક આગળ વધવું છે ને મારે વળી કેટલી જગ્યા જોઈએ,હે? આ થોડું તમે ખસો તો મારું કામ થાય ભલા.આટલી બધી ગીર્દીમાં મારા વાલીડાં કોઈ જગ્યા જ નથી આલતા અને વળી પાછા ક્ય છે-''ઓમની કોર જા'' (તળપદી ભાષા છે-અહિં નહિં, બીજી બાજુ).અમારા ''ખાનદાન''ની તો કોઈ હવે કદર જ નથી.બાકી શું જમાનો હતો અમારા પરદાદાઓ નો-ભલ ભલા ઘરમાં પુરાઈ જાતા'તા,ને વળી એક-બે દિ નહિં, મહિનાઓ લગી,ભુલી ગયા બધા મારા રોયા બધું એમાં પાછા બધાં બાવડાં મજબુત કરીને બેઠાં છે ને જુવાનીયાઓ તો ઠીક,આ ઘરડાંઓ-મારા બેટા બે-બે શીશીઓ ઉલાળી ગયા ને પાછી ત્રીજીની લાઈનમાં ગોઠવાઈ પણ ગયા,આમાં હવે અમને હિંમત ક્યાંથી આવે. સાવ પાયમાલ કરી દીધા ભાઈ સાવ નોંધારા બન્યા.પાછું સાંભળ્યું છે કે ટાબરીયાં પણ હવે બાંય ચઢાવી રહ્યા છે એક નવી ફોજ તૈયાર થઈ ગઈ અમારી સામે બાથ ભીડવાં. હવે તો અમારે પોતે ''ગળે ટુંપો'' દેવાનો વારો આવ્યો લાગે છે-સાવ ''નમાયા'' બની ગયા.બસ હવે બીરા પોટલાં બાંધીને ઘર ભેગા થઈ જઈએ એ જ સારું છે જીવતા રહીશું તો વળી કોક દાડે પાછું અહિં આવી પુગાશે. (કોવીડ-૧૯નું મનોમંથન-સહજ વાસ્તવિક અને હળવાશની પળોમાં) સહેજ કાલ્પનિક લાગે પણ વિવિધ સ્તરે થયેલ સંશોધનો અને ગણિત્ત ફોર્મ્યુલા મુજબ કોવીડ-૧૯ આ પૃથ્વી પરની પોતાની વિનાશક યાત્રા પૂર્ણતા તરફ લઈ જઈ રહ્યું છે એ સત્ય. હકીકત ટુંક ભવિષ્યમાં લોકોને માનસિક શાંતિ અર્પશે એ હવે પુરવાર થવાનું જ બાકી છે.આ સંશોધનો દ્વારા જે જે વેજ્ઞાનિકો-ગણિતનો વિગેરે એ ખુબજ જહેમત લઈને કોવીડ-૧૯ના અંતની સંભાવનાઓ વિશે સુંદર રીતે આંકલન કરેલ છે તેઓને અભિનંદન અને શુભેચ્છાઓ. કોવીડ-૧૯ પોતે વિશ્વ માનવીની સિધ્ધિઓ, હિંમ્મત અને મનોબળની સામે હવે થાકી ગયો છે એમ સાદી ભાષામાં કહીએ તો? કોવીડ-૧૯ ની વિનાશક અને ભયાવહ મહામારીના પ્રભાવ હેઠળ વિશ્વના તમામ દેશોની સાથોસાથ મહાસતાઓ પણ ચૂંટણભેર થયેલ એ સત્ય અજાણું નથી. ઈ.સ.૨૦૨૦ અને પછી ઈ.સ.૨૦૨૧માં સમગ્ર સમયમાં કોવીડ-૧૯ એ કેવું વિકરાળ સ્વરૂપ ધારણ કરેલ એની પ્રતિતિ વિશ્વ માનવીને થયેલ જ છે.આજે લોકો વિનાશક બનેલ બીજી લહેરની યાતનાઓ યાદ કરીને પણ કંપી ઉઠે છે અને એટલે જ અત્યારે હવે ૨૦૨૨ની શરુઆતમાં જ આવેલ ત્રીજી લહેરના અને ઘણાં દેશો ચોથી લહેરના અંતની આતુરતાથી પ્રતિક્ષા કરી રહ્યા છે. માનવીય અનુકંપા અને વિષાદની વચ્ચે કોવીડ-૧૯નો હવે અંત ક્યારે આવશે એવી વિશ્વ-માનવીઓની સર્વકાલિન પ્રશ્ન વચ્ચે એક સુખદ કલ્પના કોવીડ-૧૯નું ઉપરોક્ત કાલ્પનિક મનોમંથન દ્વારા અચાનક જ આ લખનારના માનસ પટલ પર અવતરીત થયું છે. આશા રાખીએ કે કોવીડ-૧૯ નો અંત હવે નજીકના ભવિષ્યમાં આવી જાય અને ખરેખર તે "માર્ચ Closing" કરીને વિદાય લ્ય. વિજય નિશ્ચિત છે એ પરમસત્યની સાથે સાથે કોવીડ-૧૯ પોતે પણ કદાચ અલગ રીતે પોતાના મહાપ્રયાણનું ગણિત-આગાહી પોતાની રીતે તો નથી. સમજાવતું ને એક વિચાર, સંભાવના અને પરીકલ્પના અલગ રીતે જોઈએ અને વૈજ્ઞાનિક પધ્ધિઓથી કરેલ આંકલનની પૂર્ણ ભૂમિમાં વિશ્વ માનવીઓ માટે એક નવા સુર્યોદયના ઉજાશના આગમનને વધાવે એવી આશા અને અભિલાષા સાથે. હા, આ કલ્પના એટલે-કોવીડ-૧૯ **[COVID-19]** - નું આયુષ્ય શું એના નામ કરણમાં જ છે? મનને શાંતિ મળે એ હેતુથી નહિં પણ યોગાનુયોગ વિશ્વના અનેક શોધ કર્તાઓ -વેજ્ઞાનિકોડોકટરો વિગેરે દ્વારા પણ હવે વેક્સિનની મદદથી ખુબજ ઝડપથી કોવીડ-૧૯ પર કાબુ મેળવી લેવાશે અને તેનો અંત આવશે એવી આશાઓ જગાવી છે ત્યારે COVID-પોતે શું કહે છે તે પુછી જોઈએ. COVID દરેક અક્ષરનો અંગ્રેજી મુળાક્ષરોમાં તેના સ્થાન મુજબ એકી સંખ્યામાં જોઈએ તો C=3, O=15–6, V=22=4, I=9, D=4 આમ દરેક અંગ્રેજી અક્ષરના ક્રમાંકને ધ્યાને લેતાં કુલ સરવાળો (૩ ૬ ૪ ૯ ૪=૩૬) આવે.આપણે અહિં જો જાન્યુઆરી-૨૦૨૦થી કોવીડ-૧૯ની શરૂઆત ગણીએ તો માર્ચ-૨૦૨૨ સુધી કુલ ૨૬ મહિના થાય.છે ને અજબ વાત.એનો મતલબ-કલ્પના કરીએ કે કોવીડ-૧૯ જેવી ભયાનક વિનાશક અને લાખો લોકોને મૃત્યુની ગોદમાં લઈ જનાર મહામારીનો માર્ચ-૨૦૨૨ની આસપાસ વિદાય લેવાનો સમય આવી ગયો હશે એમ આશા રાખીએ.કુદરતની મહેરબાની , વેક્સિનના સહારે તેમજ સુરક્ષાના તમામ નિયમોના ચુસ્ત પાલનના સહારે સમગ્ર વિશ્વ સંપુર્ણ રીતે કાળજીપૂર્વકનું જીવન જીવવા લાગે અને વિશ્વ કોવીડ-૧૯ થી ભયમુક્ત બને અને વિશ્વ-માનવીની આંખોમાં એક અનેરી ચમક આવી જાય અને સુખદ કલ્પના સાચી પડે એવી આશા અને અભિલાષા.આ એક કાલ્પનિક વિચારોને શબ્દોમાં મુર્તિમંત સ્વરૂપ આપવા પુરતી જ વાત નથી, અનેક આશાઓ, અભિલાષાઓ અને સમગ્ર વિશ્વને પુનઃ નવજીવન મળે તેવો શુભ આશય અને પ્રભુ સમક્ષ મુક પ્રાર્થના પણ છે. વિતેલા બે વર્ષથી વધુની યાતનાઓ, દુખ-દર્દ ભરી યાદો અને સ્વજનોની એકાકી વિદાય આપણા મન-મસ્તિક પરથી હમેંશા માટે દુર થાય, આધ્યાત્મિક ચેતનાનું નિર્મળ વાતાવરણનું પણ સર્જન થાય એવી પ્રાર્થના.વિશ્વ-માનવી આ કોવીડ-૧૯ની મહામારીમાંથી મુક્તિ પામે અને સમગ્ર વિશ્વ ફરીથી ઓજસ-મય અને ઉલ્લાસ-મય બને અને માનવીય સંવેદનાઓ વધુ પ્રેમાળ બને એવી પરમ કૃપાળુ ઈશ્વર પાસે પ્રાર્થના સાથે વિજય નિશ્ચિત થવાનો છે અને એ માનવ ઈતિહાસનું પરમ સત્ય છે.જય ભારત.જય વિશ્વ.અસ્તુ.

(નોંધઃ આ લેખ માત્ર એક સુખદ કલ્પનાના આધારે તૈયાર કરેલ છે.અહિં કોઈ ભવિષ્યવાણી નથી.અહિં કોઈની ભાવનાઓને ઠેસ પહોંચડવાનો પણ હેતુ નથી માત્ર હળવાશની સાથે લેખ લખ્યો છે. કલ્પના સત્ય બને તો વિશ્વ આનંદીત થશે એવી આશા સાથે સાદર કરેલ છે. સૌના કલ્યાણની શુભ કામનાઓ સાથે-અસ્તુ.)

દિન મહિમા

- ૧૮૬૨ : ઈતિહાસ પ્રસિદ્ધ મહારાજ લાયબલ કેસની શરૂઆત થઈ - રાષ્ટ્રીય મતાધિકાર દિન
- રાષ્ટ્રીય મતદાતા દિવસ
- ચેતેશ્વર પુજારાનો જન્મદિવસ - ભારતીય ક્રિકેટર
- રમણલાલ સોનીનો જન્મ - ૧૯૦૮માં આ દિવસે ગુજરાતી સાહિત્યકાર રમણલાલ સોનીનો જન્મ થયો હતો. સુદામા તીકે જાણીતા આ સર્જકનું ગુજરાતી બાળ સાહિત્યમાં યાદગાર પ્રદાન છે. એમનો રણજિતરામ સુવર્ણચંદ્રક સહિત અનેક સર્વોચ્ચ પુરસ્કારોથી સન્માનિત કરાયા છે.

આજનું

ઔષધ

- માયગ્રેન - આદાશીશીમાં જે બાજુ માથું દુઃખતુ હોય તેની બીજી બાજુના નાકમાં અગથીયાના પાનનો રસ ચાર-પાંચ ટીપાં પાડવાથી અથવા ફૂલોનો રસ પાડવાથી થોડીવારમાં જ દુઃખાવો મટી જશે.

ખડખડાટ

- એક દુકાને લખ્યું હતું ઉધાર બંધ છે
ભાભા : હવે ઉધાર પાછું ક્યારે ચાલુ કરો છો ?

આજનો

વોટ્સએપ

- એક વૃદ્ધ દાદાએ બહુ સરસ વાત કરી : તમે ભેગુ કરવા જીવો છો ને અમે ભેગુ રહેવા જીવતા હતા.

દીકરીનો પ્રથમ સુપરહિરો એ તેના પપ્પા છે

વિચારયાત્રા
ડો. જય ઓઝા

એક દીકરી માટે તેને સૌપ્રથમ હીરો તેના પપ્પા છે. હમણાં જ એક 'અતરંગી રે...' ફિલ્મ જોઈ. અક્ષયકુમાર, સારા અલી ખાન અને ધનુષ અભિનીત ફિલ્મ આનંદ એલ રાયના દિગ્દર્શનમાં બની છે. દીકરીના મનોપ્રદેશમાં, ભાવપ્રદેશમાં કોઈ સુપરમેન તરીકે સ્થાપિત થયા હોય તો તેના પિતા હોય છે. પિતા માટેનો વિશેષ લગાવ દીકરીનો હોય છે. પિતા-પુત્રીના સંબંધની સંવાદિતા અને તેના ઊંડાણને કોઈ પામી શકયું નથી. અને એવું જ કંઈક આ ફિલ્મ માટે પણ દર્શકોને થયું છે. દર્શકો આ ફિલ્મમાં પ્રણય ત્રિકોણ જોઈ રહ્યા છે. પરંતુ આ ફિલ્મ પ્રેમી પિતા માટે દીકરીની લાગણી અને તેના સહચર ધનુષ માટેની લાગણી વચ્ચેની સૂક્ષ્મતાને દર્શકો પામી શક્યા નથી. જેને કારણે મસાલા ફિલ્મોની જેમ આ ફિલ્મ હિટ ગઈ નથી. પરંતુ જે પિતા સદેહે છે જ નહીં, તે પિતા એક જાદુગરરૂપે સુપરમેનરૂપે તે દીકરીના મનમાં એવા વસેલા છે કે તેનો પાર પામી શકાતો નથી.

ગઈકાલે જ રાષ્ટ્રીય બાલિકા દિવસ ઉજવાઈ ગયો. બાલિકા દિવસની સાથે પિતા-પુત્રી દિવસ પણ ઉજવવો જોઈએ. અરે હા !! મારી ભૂલ થાય છે આવા કોઈ દિવસ ઉજવવાની થોડી જરૂર છે ? પિતા પુત્રી તો આખો જન્મારો ઉજવતા હોય છે.

ક્યાંક વાંચ્યું હતું કે સમજદારનો સરવાળો અપેક્ષાઓની બાદબાકી સહકારનો ગુણાકાર શંકા અને ભ્રમનો ભાગાકાર એટલે દીકરી...

પિતા પરિવારનું એવું મૂંગુ વ્યક્તિત્વ હોય છે જેના મૌનને દીકરી જ વાચા આપતી હોય છે. પિતાના ચહેરાની વેદના અને તેના હૃદયમાં વહાલોવાતાં દુઃખના પ્રવાહને ઓળખી શકવાની ક્ષમતા દીકરી પાસે ચોક્કસપણે હોય છે અને માટે જ ક્યાંય વ્યક્ત ન થતો પિતા તેની પુત્રી પાસે સહજ રીતે ખૂલી જતો હોય છે. જમાનાએ આપેલા જખમને એક બાપ બીજા બધાથી છુપાવી શકે છે પણ તેની દીકરીથી છૂપું કંઈ રહેતું નથી.

જેવી રીતે કોઈપણ અપેક્ષા વગર પરિવારના મોભી પિતાએ કાર્ય વહન કરવાનું હોય છે તેવી જ રીતે દીકરીએ પળવારમાં પોતાની અપેક્ષાઓ ઈચ્છાઓને ભૂલી જઈને પોતાના ઘરને છોડીને પારકાને પોતિકા કરવા પડે છે પળભરમાં પારકાને પોતિકા કરવાની વાત કોઈ નાનીસૂની વાત નથી પણ એક દીકરીને આ કળા હસ્તગત કરવી જ પડે છે અને એક બાપ માટે હંમેશ એ ચિંતાનો વિષય બની રહેતો હોય છે કે જે દીકરીને લાડકોડથી ઉછેરી છે જેની અવ્યક્ત ઈચ્છાઓને પણ સહજ રીતે પૂર્ણ કરી છે તેનું ભવિષ્ય પણ આટલું જ સુરક્ષિત રહી શકશે કે કેમ! દીકરીની મૂંગી ઈચ્છાઓને અને અપેક્ષાઓને બીજું કોઈ પૂરું કરી શકશે કે કેમ તેની ચિંતા એક બાપને કોરી ખાતી હોય છે... ભલેને કોઈ રાજકુમાર જ કેમ ન હોય પરંતુ તેને આ હૃદયનો કટકો સોંપી દેવા એ બાપનો જીવ ચાલતો નથી.

એટલે જ કદાચ કવિ બાલમુકુંદના શબ્દો સરી પડે છે કે,

''કાળજા કેરો કટકો મારો છૂટી રે ગયો,
હૈયા કેરો હાર મારો તૂટી રે ગયો,
માતપિતાની ગોદે બાળઝરણું ઊછર્યું,
સાગરનો સંગ એને લૂંટી રે ગયો.''

એક દીકરી પિયરને નંદનવન અને સાસરાને સુંદરવન બનાવી દે છે. પણ પિયરનું નંદનવન તેના જતાં જ નંદવાઈ જાય છે. દીકરીના લગ્ન પછી તેને સાસરે મોકલવાની પ્રથા કોણ જાણે કયા અભાગિયાએ પાડી હશે.. પણ એટલું તો ચોક્કસ હશે કે તે પ્રથા પાડનારની કોઈ દીકરી નહીં હોય.

પાછું આપણે ત્યાં કહેવતો પણ સાવ ખોટી બનતી હોય છે. ''દીકરી તો પારકી થાપણ કહેવાય...'' તદ્દન ખોટું. શા માટે પારકી થાપણ કહેવાય ? દીકરી તો એવી જણસ છે જે ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે બે કુળને સમૃદ્ધ કરે છે. થાપણ તો એ કહેવાય કે જેને બીજાને સોંપી દેવાની હોય... દીકરી ને કોઈ વસ્તુ થોડી છે જેને આદાન-પ્રદાનમાં ખપાવી દેવાય !!

૧૯૯૬માં સચિન pilgaonkar દિગ્દર્શિત 'એસી ભી ક્યાં જલ્દી હૈ...' ફિલ્મમાં દીકરીના લગ્ન કરીને તેને વિદાય આપવી પડે એ વિચારથી વ્યથિત પિતા તેની દીકરી અને દીકરીના પ્રિયતમની વચ્ચે અવનવી મુશ્કેલીઓ ઊભી કરે છે.

સમાજમાં દીકરીનો મહિમા ગાતા ઘણા કવિઓ કે લેખકો નહીં હોય તો ચાલશે પરંતુ વાસ્તવમાં દીકરીને વહાલનો દરિયો માનતા મા-બાપ અને સાસુ-સસરા હોવા જોઈએ એ ચોક્કસ વાત છે. જ્યારે વહુ અને દીકરી તથા સાસુ-સસરા અને મમ્મી-પપ્પા એકબીજામાં ભળી જશેને ત્યારે આ સમાજ નંદનવન અને સુંદરવનનું મિશ્રણ બની જશે.

બાપ દીકરીની કેમેસ્ટ્રીને દુનિયાની કોઈ પણ વ્યક્તિ સમજી શકી નથી અને ક્યારેય સમજી શકશે પણ નહીં. માતૃપ્રેમના ખૂબ ગાણાં ગાતા આપણા સમાજમાં પિતાનો પ્રેમ અને પિતા વિશે ખૂબ ઓછું અને જવલ્લે જ બોલાય છે ત્યારે આ ફિલ્મ અતરંગી રે ખૂબ જ સૂક્ષ્મતાથી આ વાતને રજૂ કરે છે. આવા વિષયને સુંદર રીતે રજૂ કરવા માટે ફિલ્મના દિગ્દર્શક અને કલાકારો ધન્યવાદને પાત્ર છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

સંભળાય તો બાપના 'બેટા' શબ્દમાં સમસ્ત બ્રહ્માંડનો નાદ છે

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

એક સજ્જને સરસ વાત કરી હતી કે, 'પરમેશ્વર ક્યાં છે અને કેવો છે એ ખબર નથી પરંતુ મેં તો મારા ઘરમાં જ પિતાના રૂપમાં પરમેશ્વરની સતત હાજરી અનુભવી છે. કોઈપણ બાધા, આખડી, ઉપવાસ કે શાસ્ત્રોના અર્થ સમજવાની પળોજણ વગર સરળતાથી પિતાના રૂપમાં પરમેશ્વર ઘરમાં જ હાજરા હજુર છે. જ્યારે મુશ્કેલી કે મૂંઝવણની માયાજાળ ભરડો લે ત્યારે પિતા નામનો અડિખમ ટેકો પડખે હોય જ. તકલીફમાં પિતાના ટેકે ખભો ટેકવી મુશ્કેલીની ઝંઝાવાત ચપટીમાં પાર થઈ જાય છે. ક્યાંક ઠોકર વાગે ત્યારે મોઢામાંથી 'ઓય મા' નીકળી જાય પણ જો જંગલમાં ક્યાંક ભૂલા પડી જઈએ અને સામે વિકરાળ પ્રાણી આવી જાય તો પડેલો શબ્દ 'ઓ બાપ રે' જ નીકળે. નાની તકલીફોમાં 'મા' નામનો મલમ કારગત છે પણ મોટી આફતમાં બાપનો હોંકારો હિંમતનો મહાસાગર બની જાય છે. પ્રત્યેક પુત્ર માટે પ્રથમ હિરો પિતા હોય અને પુત્રીનો પ્રથમ પ્રેમ પિતા હોય.

પુત્રના પિતા પ્રેમ અને પપ્પાની લાગણીના અનેક ઉદાહરણો છે. રાજા રામથી માંડીને આજ સુધીના ઘણા પુત્રના પિતા પ્રેમના અનુપમ ઉદાહરણો નજર સામે છે. લોકો કહેતા હોય છે કે, આજના સમયમાં પુત્રનો પિતાપ્રેમ ભાગ્યે જોવા મળે છે, ઘરડા ઘરમાં વયસ્ક પિતાને ધુંધળી દ્રષ્ટિ અને જીર્ણ કાયા સાથે એકલતામાં જીવન વ્યતિત કરવું પડે છે વગેરે. પણ આવી વાતોમાં સંપૂર્ણ સત્ય નથી. આજે પણ આપણી આસપાસ ઘણા એવા દીકરાઓ છે કે જે પિતાની આંખની દ્રષ્ટી અને હાથની લાકડી બનવામાં અનહદ આનંદ મેળવી રહ્યા છે. આજે વાત કરવી છે જેમને હું 'મોડર્ન શ્રવણ' કહું છું એવા મારા ત્રણ મિત્રોની. એક ગુજરાતના મેઘાવી વકતા અને લેખક ચિંતક જય વસાવડા, બીજા 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ફેમ મામા મયુર વાકાણી અને ત્રીજા સરકારી વરિષ્ઠ અધિકારી હિરેન ભટ્ટ.

સૌથી પહેલા વાત જય વસાવડાની. કોઈપણ વિષય ઉપર અસ્ખલીત તાર્કીક વક્તવ્ય આપવાની અનોખી શક્તિ ધરાવતા, અનેક વિષયો ઉપર એમની કલમનો ઊજાશ પાથરી વાંચકોને મંત્રમુગ્ધ કરનારા જય વસાવડાની વ્યવસાયિક કુનેહ તો બેમિસાલ છે જ એમા બે મત નથી. પણ એમનો 'પિતા પ્રેમ'નો અદભુત સદગુણ ઉદાહરણીય અને અનુકરણીય છે. જયભાઈને નજીકથી જાણનારા મિત્રોને ખ્યાલ છે કે, એમની દુનિયા પિતાની મુસ્કાનની આસપાસ હતી. આમ તો જયભાઈ દેશમાં કે પરદેશમાં જ્યાં પણ વક્તવ્ય આપવા જાય ત્યાંથી કપડા, પરફ્યુમ્સ કે જ્વેલરી કરતા પહેલા પપ્પાને ભાવતા વ્યંજન, ફળો અને ચોકલેટની ભાળ મેળવી લે. અને એ પપ્પા માટે અચૂક લાવે. પપ્પાની મુસ્કાનમાં જયભાઈને જગત આખું હિલોળા લેતું દેખાતુ. છેલ્લે છેલ્લે પપ્પાની તબિયત વધુ બગડતા એમના તમામ કાર્યક્રમો રદ કરી લાગલગાટ બે મહિના સુધી પપ્પાની પથારી પાસે જ રહ્યા. યાદ રહે એક પ્રોફેશનલ વકતાની આવકનું એક માત્ર સ્રોત એમના જાહેર

વક્તવ્યના કાર્યક્રમો જ હોય છે. જયભાઈએ આ દિવસોમાં કોઈ કાર્યક્રમ ન લીધા. આવકને ઠોકર મારીને પિતાની પડખે દિવસ રાત રહ્યા.

જયભાઈ મને કહેતા કે, જેમની છત્રછાયામાં મને ક્યારેય તડકાનો અનુભવ નથી થયો. આર્થિક મુશ્કેલીઓના તોફાનોમાં પણ પપ્પાને મેં